ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૧ ટકા

# એક્ઝિટ પોલ થશે સાકાર, રચાશે ફરી મોદી સરકાર ??

## આજે લોકસભાની ચૂંટણીમાં મતગણતરી યોજાવાની છે ત્યારે શહેરના વિવિધ ક્ષેત્રના, વિવિધ વયના નાગરિકોના મતે એક્ઝિટ પોલ સાચા પડશે કે ખોટા તે જાણવા ગાંધીનગર સમાચારનો સ્તુત્ય પ્રયાસ

*ગાંધીનગર, તા. ૨૨*

*આ વખતની લોકસભાની ચૂંટણી કદાચ સૌથી લાંબી ચૂંટણી ચાલી છે. સાત તબક્કામાં થયેલ મતદાન સુધી મતદારોનો મન કઈ બાજુ ઢળી રહ્યું છે તે કળવામાં રાજકીય પક્ષો કદાચ નિષ્ફળ રહ્યાં છે પરંતુ જેવું છેલ્લા તબક્કાનુ મતદાન પત્યુ તે પછી વિવિધ ન્યુઝ ચેનલો તથા એજન્સીઓ દ્વારા ''એક્ઝિટ પોલ'' જાહેર કરાયો છે અને તેમાં મોટા ભાગના એક્ઝિટ પોલમાં મોદી સરકારને વધુ એકવાર ભારતની જનતા તક આપશે તેવુ તારણ નીકળી રહ્યું છે. એક્ઝિટ પોલ જાહેર થતાં જ એનડીએ ઘટકના પક્ષો તો સ્વાભઆવિક રીતે ગેલમાં આવી જ ગયાં છે પરંતુ વિપક્ષ ભારે વ્યથિત જણાય છે. વળી, એક્ઝિટ પોલે નાગરિકોમાં પણ ભારે ચર્ચા જગાવી છે ત્યારે ગાંધીનગર સમાચારે વિવિધ ક્ષેત્રના, વિવિધ વયના નાગરિકો પાસે એક્ઝિટ પોલ કેટલો સચોટ લાગે છે તે અંગે જાણવા પ્રયાસ કર્યો હતો.*



''ચૂંટણીના પરિણામો અંગે એક્ઝિટ પોલના તારણો જે કહે તે પરંતુ વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા પગલા અંગે મતદારોના મનમાં કેવી આકારણી આકાર લઈ રહી છે તે કળવું મુશ્કેલ જણાય છે. જોકે ભૂતકાળના અનુભવો જોઈએ તો મહદઅંશે એક્ઝિટ પોલ સાચા પડ્યાં છે તેથી આ વખતે પણ એક્ઝિટ પોલ સાચા પડશે અને ફરી એનડીએની સરકાર રચાશે તેવુ લાગી રહ્યું છે.''

**- શૈલેષ મુનશી**

●●●



''એક સામાન્ય નાગરિક તરીકે કહુ તો આ વખતે એક્ઝિટ પોલ સાચા પડશે અને ભાજપ બહુમતી સાથે સરકાર બનાવશે કેમકે દેશમાં યુવા મતદાતાઓ વધારે છે જેઓ મોદી સરકારના એરસ્ટ્રાઈક, આર્થિક અનામત, જીએસટી તથા સ્વચ્છતા અભિયાન જેવા નિર્ણયો અને પ્રજાલક્ષી કાર્યોથી પ્રભાવિત જણાય છે. ભાજપના રાષ્ટ્રવાદથી નાગરિકો આકર્ષાયા છે જેનો લાભ મોદી સરકારને મળશે.''

**- ડો. ધર્મેન્દ્ર પટેલ**

●●●



''આવતીકાલે ચૂંટણીના પરિણામોમાં એક્ઝિટ પોલ મુજબ એનડીએને બહુમતી મળશે જ્યારે ઘણા નાગરિકોનું કહેવુ છે કે મહા ગઠબંધનને બહુમતી મળશે પરંતુ હુ જે વિસ્તારમાં રહુ છુ ત્યાં આજુબાજુના જનસંપર્કને ધ્યાનમાં રાખીને વાત કરૂ તો મારી ગણતરી મુજબ ભાજપને ૨૪૦, કોંગ્રેસને ૧૬૬ તથા અન્યને ૧૩૬ સીટો મળશે. એક્ઝિટ પોલ સાચો પણ પડી શકે અથવા ખોટો પણ પડી શકે પરંતુ સાચુ પરિણામ જનતા આપે તે જ ખરૂ.''

**- નટવરસિંહ ચૌહાણ**

●●●

''મારા મત મુજબ એનડીએની સરકાર રચાશે કારણ નરેન્દ્રભાઈ મોદીએ દેશના ઉત્થાન માટે ઘણા કાર્યો કર્યા છે. નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય સંસ્કૃતિ અને ભારતની વિવિધતાઓ દૂર સુધી પહોંચાડી ભારતને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવી છે. રક્ષા બજેટ અને સૈન્યને આગવુ મહત્વ આપી તેમણે ભારતની સંરક્ષણ શક્તિ વધારી છે, તેમણે યુવાનોના વિવિધ કૌશલ્યોને બહાર લાવવા પ્રયત્ન કર્યા છે.''



**- ઉન્નતિ દવે**

●●●



''એક્ઝિટ પોલની પ્રથા ઘણા વર્ષથી ચાલી રહી છે જો તેનુ તારણ કાઢવામાં આવે તો કેટલાક અપવાદો બાદ કરતા મહદઅંશે એક્ઝિટ પોલ સાચા પડ્યાં છે. છેલ્લાં કેટલાક વર્ષોથી એક્ઝિટ પોલની આસપાસ જ પરિણામ આવે છે. વળી, આ વખતે નાગરિકોમાં રાષ્ટ્રવાદનો જે જુવાળ દેખાય છે તે જોતા એક્ઝિટ પોલ સાચા પડશે તેવુ સ્પષ્ટ જણાય છે.''

**- જયેશ બ્રહ્મભટ્ટ**

●●●


''શિક્ષિત અને જાગૃત દેશની જનતાએ છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન એનડીએ સરકારની ઉત્કૃષ્ઠ કામગીરી જોઈ છે. ૧૭મી લોકસભાની ચૂંટણીઓમાં મતદારોએ રાષ્ટ્રીય સુરક્ષા, રાષ્ટ્રવાદ, વિકાસ તથા મોંઘવારી મુદ્દે એનડીએ સરકારની કામગીરી જોઈ ફરી પસંદ કરી હોય તેવુ જણાય છે. ગરીબ-મધ્યમ વર્ગ માટેના સંતોષકારક કાર્યો હોય કે દુશ્મનોને ઘરમાં ઘુસીને મારવાનો નિર્ણય હોય કે પછી દેશને દરેક ક્ષેત્રે વિશ્વ ફલક પર મુકવાની ઉપલબ્ધી હોય દરેકમાં એનડીએ અન્ય પક્ષોની સરકારથી ચડી જાય છે તેથી એક્ઝિટ પોલ સાચા પડશે તેવુ જણાય છે.''



**- નિસર્ગ બુચ**

●●●

''પહેલાના જમાનામાં સત્તા માટે લોહિયાળ જંગ ખેલાતા હતા હવે લોકશાહીમાં તે બંધ થયુ છે, હવે નાગરિકો નક્કી કરે તે મુજબ સરકાર રચાય છે તેથી લોકશાહીના નિર્ણયને આપણે માન આપવુ જોઈએ. પછી ભલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય કે રાહુલ ગાંધી, વડાપ્રધાનને સન્માન એટલે લોકશાહીને સન્માન. એક્ઝિટ પોલ પણ મતદારોનું જ મંતવ્ય જણાવે છે એટલે તેના પરથી મોટો મોટો ખ્યાલ આવી જાય છે તેથી તેનો વિશ્વાસ કરી શકાય.''



**- મેહુલ તુવાર**

●●●



''એક્ઝિટ પોલમાં મોટે ભાગે જે સત્તા પક્ષ પર બેઠો હોય તેવા પક્ષની જ બેઠકો વધુ આવે તેવું દર્શાવતુ હોય છે. રાજકારણમાં હંમેશા આવુ બનતુ આવ્યુ છે. પરંતુ મારા મતે આ વખતે એક્ઝિટ પોલ ખોટા પડશે તેવુ મને સ્પષ્ટ જણાઈ રહ્યું છે.''

**- નરેન્દ્ર પટેલ**

●●●

''આ વખતે એક્ઝિટ પોલ એક તરફી જાહેર કરાયો હોય તેવુ સ્પષ્ટ જણાય છે. આ એક્ઝિટ પોલ સાચો લાગતો નથી. આવતીકાલે જ્યારે ચૂંટણીના પરિણામ જાહેર થશે ત્યારે એક્ઝિટ પોલ ખોટો પડશે અને એનડીએ સરકાર બહુમતી ગુમાવશે તેવુ મને લાગે છે.''



**- જિગ્નેશ શર્મા**

●●●



''મારા મતે આ ચૂંટણીઓનું પરિણામ તો એનડીએ તરફી જ આવશે પરંતુ મહા ગઠબંધન પણ સબળ સ્થિતિમાં જોવા મળશે જેથી એનડીએ સરકાર માટે આગામી પાંચ વર્ષ સરળ નહી હોય. એક્ઝિટ પોલમાં સામાન્ય ફેરફાર સાથેના પરિણામ જોવા મળશે.''

**- સુકેતુ દવે**

●●●

''આ વખતે લોકસભાની ચૂંટણીઓમાં ફરી એકવાર મોદી સરકાર રચાશે. અત્યારે જે એક્ઝિટ પોલમાં ભાજપની બેઠકોના આંકડા દેખાડવામાં આવ્યાં છે તે ૨૦૧૪ની જેમ જ તેનાથી વધુ બેઠકો મેળવી ખોટા પડશે. ભાજપ આ ચૂંટણીમાં વધુ બેઠકો મેળવી ફરીથી મજબૂત સરકાર બનાવશે.''



**- તન્વી ભાવસાર**

●●●



''લોકશાહીમાં જનતાના ગુપ્ત રીતે થયેલ મતદાન અંગે સર્વે કરી જે રીતે એક્ઝિટ પોલ ઉપર ચર્ચાઓ થઈ રહી છે તે માત્ર જાતિ આધારિત બાબતો અને સમાજમાં વિભેદ પેદા કરતા મુદ્દાઓ તરફ ઢળતી જોવા મળે છે. મતદાન બાદ પરિણામો સુરક્ષિત હોય છે પરંતુ તે અંગે તર્ત-વિતર્ક વાપરી શંકા-કુશંકા કરી વધતા વિરોધોને અટકાવવા જોઈએ. દેશમાં સમાયંતરે યોજાતી ચૂંટણીઓમાં વર્તમાન જરૂરિયાતના મુદ્દાઓને ધ્યાને લઈ તે મુજબ કાર્ય કરતી સરકાર મળે તો જ આધુનિક સ્પર્ધાના યુગમાં આપણે વિકસીત દેશો તથા તેમના નાગરિકો સામે ટકી શકીએ.''

**- ડાહ્યાભાઈ પ્રજાપતિ**

●●●

દેશ ભારે ઉત્તેજના અનુભવે છે ત્યારે હું માનું છું કે દેશનું ભવિષ્ય ઉજળું બને તેવા પરિણામ આજે આવશે. સરકાર ભાજપની આવે કે કોંગ્રેસની આવે કે ગઠબંધનની આવે... પરંતુ સ્થિર સરકાર આવે એવી અપેક્ષા અચૂક રાખું છું. ભાજપની બે - ત્રણ ઉણપોમાં જો આંખ આડા કાન કરીએ તો ભાજપની સરકાર દેશ માટે હિતકારક બને. કોંગ્રેસ હજુ પણ પોતાના પક્ષમાં શિસ્ત નથી લાવી શક્યું અને એનું જ પરિણામ આ ચૂંટણીમાં ભોગવશે એમ સ્પષ્ટ દેખાય છે. કોંગ્રેસને જ કોંગ્રેસ નડે છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ભૂતકાળના ધબ્બા અને વર્તમાનની નેતાગીરીની ઉણપો કોંગ્રેસને નડી રહી છે. ભાજપનો રાષ્ટ્રવાદ દેશભરમાં સ્વિકાર્ય બન્યો હોય એવો સ્પષ્ટ જનમત અનુભવાય છે.



**- જયેશ પંચોલી**

---



''વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટી ૩૦૦થી પણ વધુ લોકસભાની બેઠકો પર ભવ્ય વિજય મેળવશે. ફરી એકવાર પૂર્ણ બહુમતિથી સરકાર રચાશે. મા ભારતીને પરમ વૈભવના શિખર પર બેસાડવાનું સ્વપ્ન પુર્ણ થશે.''

**- મયુર પટેલ (બાબા)**
**મહામંત્રી કિસાન મોરચો, ગાંધીનગર મહાનગર**

●●●

''એક્ઝીટ પોલ મોટાભાગે સાચા હોય છે. બે-પાંચ બેઠકોનું આઘા-પાછુ થતુ હોય છે. લોકસભામાં ભાજપ ૩૦૦થી વધુ બેઠકો મેળવી પૂર્ણ બહુમતિથી સરકાર રચાશે. આજનો યુવાવર્ગ મોદીજીને લીડર તરીકે જોઈ રહ્યો છે. જે દેશને આગળ લઈ જશે.''



**- નિતિન પટેલ**

●●●



''બીજેપી ૨૮૦ પ્લસ અને એનડીએ ૩૫૨ પ્લસ પોલીટીકલ પાર્ટીઓ પોતાની હાર પચાવી શકતા ન હોવાથી વિવિધ બહાના બતાવી લોકજનમતનો વિરોધ કરી રહ્યા છે. એક્ઝીટ પોલ કરતા પણ સારૂ પરિણામ ભારતીય જનતા પાર્ટી મેળવશે અને ગુજરાતમાંથી ૨૬ બેઠકો પર ભગવો લહેરાશે.''

**- અમિત પટેલ**

●●●

''એક્ઝિટ પોલ કરનારી સંસ્થાઓનો સર્વે સાચો જ પડે છે તેવુ નથી હોતુ. એક્ઝિટ પોલથી વિપરીત પરિણામ આવેલા છે. ભારતીય મતદાતા સ્માર્ટ થઈ રહ્યો છે. કહે છે કંઈક અને કરે છે કંઈક... ૨૦૧૯માં ૧૦૦ ટકા બીજેપી સરકારનો કાર્યક્રમ પુરો થઈ ગયો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં જે થયું એ હવે આખા ભારતમાં થવાનુ છે અને કોંગ્રેસ ''ન્યાય''ની સરકાર બનાવી રહી છે.''



**- અમિત પારેખ**
**મહામંત્રી એન.એસ.યુ.આઈ. ગુજરાત પ્રદેશ**



''ભાજપ (એનડીએ) સરકારના પાંચ વર્ષના કાર્યક્રમ બાદ દેશમાં પરિવર્તન વિકાસ થયો છે. મોટાભાગના એક્ઝીટ પોલ સાચા હોય છે. મારા મતે પૂર્ણ બહુમતિથી ભાજપ સરકાર બનાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે લોકચાહના હાંસલ કરી છે તેના કારણે સામાન્ય નાગરીકના જીવનલક્ષી જરૂરીયાતના પ્રશ્નોના નિરાકરણોના પ્રયાસો, આતંકવાદ અને દેશની સુરક્ષાની અને ભવિષ્યની દિર્ઘદ્રષ્ટિ જવાબદાર રહી છે. લોકશાહીના પાયાના ભાગરૂપે જે પણ સરકાર આવે તે સ્પષ્ટ બહુમતીવાળી તેમજ સામાન્ય નાગરીક અવાજરૂપી બની રહે.''

**- હાર્દિકસિંહ વાઘેલા**

●●●

''ભારત દેશની લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રવાદની લહેર ચાલી છે અને બીજા નાના મુદ્દાઓને જનતા દ્વારા લક્ષમાં લીધા સિવાય પ્રાથમિકતા માત્ર દેશની સલામતીને ધ્યાનમાં લઈને ફરીથી એક્ઝીટ પોલ મુજબ જ દેશમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સ્પષ્ટ બહુમતીવાળી સરકારની ચોક્કસ રચના થશે અને પ્રસ્થાપિત થયેલા એક્ઝિટ પોલ સાચા જ પડશે.''



**- વિનોદ ઉદેચા**

●●●

''એક્ઝીટ પોલ એ ચોક્કસ રિઝલ્ટ નથી એક અનુમાન છે. જે પ્રમાણે દેશભરમાં મતદાન થયુ છે તે જોતા એક્ઝીટ પોલ મહ્દઅંશે સાચા પડશે. અમુક સીટો જ્યા બહુ ઓછી લીડથી હાર-જીતના લીધે ૧૦ થી ૧૫ ટકાનો તફાવત હોઈ શકવાની શક્યતા છે. મારા મતે ચૂંટણીનું પરિણામ બીજેપીની તરફેણમાં રહેશે અને ફરીથી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બનશે.''



**- ચેતન ત્રિવેદી**

●●●

''મારા મત મુજબ હવે ફક્ત મોદીજીને જ નહીં પણ ઉમેદવાર જોઈને પણ મત અપાયા છે. મોદીજીએ છેલ્લા પાંચ વર્ષમાં કરેલા કામના પરિણામે જ એક્ઝીટ પોલ અને પરિણામ બંને ભાજપના પક્ષમાં જ છે. પરિણામ ઘણા અંશે એક્ઝીટ પોલની નજીકમાં જ આવશે અને બહુમતીવાળી સરકાર અમલમાં આવશે.''



**- કર્ણવ દવે**

●●●



''યુ.પી., બંગાળ અને કેરેલાને બાદ કરતા જો બાકીના મત વિસ્તારની વાત કરીએ તો ભાજપ જ જીતી રહ્યું છે. યુપીમાં માયનોરીટી બીજેપીને સપોર્ટ નથી કરતી તેથી એક્ઝિટ પોલ રાજ્ય માટે કેટલા સાચા નિવડે તે જોવું રહ્યું.''

**- નિસર્ગ મહેતા**

●●●


''મોદીજીના વડાપ્રધાન બન્યા પછીના વર્ષ એમણે બીજા રાજ્યની જેમ ગુજરાતને પણ મોડેલ બનાવ્યા અને નિર્ણયો પણ હિતમા લીધા છે. નોટબંધી, જીએસટી જેનાથી દેશની પરિસ્થિતિ મજબૂત બનાવી ગુજરાત કરતા પણ લોકસભા અને રાજ્યસભામાં તેઓ આગળ રહ્યા. મોદીજીની ચાહના બીજા રાજ્યોમાં પણ વધતી જોવા મળી. એ પ્રમાણે જોતા એક્ઝીટ પોલના ૩૦૮ પ્લસ બીજેપી જ આવશે જેમાં કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન નથી. મોદીજી ફરી એકવાર વડાપ્રધાન પદે શપથ લેશે.''



**- નિર્મલ પટેલ**

●●●

''મોદીજી આ ગુજરાત રાજ્યને જેવી રીતે આગળ વધાર્યુ હતુ તે જ રીતે પણ પી.એમ. બન્યા પછી બીજા રાજ્યોના વિકાસ માટે ખૂબ પ્રયત્નો કર્યા. તેમણે આપણા દેશને વિશ્વકક્ષાએ એક આગવી ઈમેજ બનાવી છે. જેથી અમેરીકા જેવી મહાસત્તા આપણને સપોર્ટ કરતી થઈ છે. મોદીજીના વડાપ્રધાન પદમાં સર્જીકલ સ્ટ્રાઈક અને નોટબંધીનું જોતા આ વખતે એક્ઝીટ પોલ મુજબ ૩૦૫ પ્લસ સીટ લાવશે જ. એમાં કોઈ બે મત નથી અને ફરી આપણો દેશ એક ઉત્તમ હાથોમાં જશે અને જળહળશે.''



**- હિતેશ પંચોલી**

●●●

''લોકતંત્રનું મોટુ અંગ એક્ઝીટ પોલ છે તેથી તેને સાચુ માની શકાય. મતદાન નાગરિકો દ્વારા જે રીતે થયુ હોય તે પ્રમાણે પરિણામ તો આવશે જ. પણ બીજેપીએ કરેલા કાર્યોના લીધે જીત સુધી પહોંચશે જ. મતો બીજેપીને મળ્યા જ હશે. વિવિધ ગઠબંધનોની સામે સારી સરસાઈથી ભાજપ જીત મેળવશે જ.''



**- મેહુલ ભોજક**



''નરેન્દ્રભાઈએ છેલ્લા વર્ષોમાં કરેલા વિકાસના કામ અને દેશને આગળ લાવવા માટે કરેલી મહેનતના ફળ સ્વરૂપે ચૂંટણીનું પરિણામ મોદી તરફેણ જ આવશે. પ્રજાજને મોદીને જ પસંદ કર્યા હશે અને મારા મતે એક્ઝીટ પોલ મુજબ બહુમતી સાથે ભાજપ જ આવશે.''

**- રિપલ શર્મા**

●●●

''ચૂંટણીનું પરિણામ એક્ઝીટ પોલ મુજબ જ આવશે. અમિત શાહ ગત વખતની એલ.કે. અડવાણીની લીડનો રેકોર્ડ ગાંધીનગરથી તોડશે.''



**- દુર્ગેશ પટેલ**

●●●



''એક્ઝીટ પોલ એક સાચી બાબત છે તેનાથી જ વધુ સીટો આવશે. ભાજપને સ્પષ્ટ બહુમતી મળશે. ભાજપ એકલા હાથે સરકાર બનાવશે. ફરી મોદીજી દિલ્હીની ગાદી સંભાળશે. આ પરિણામ નરેન્દ્રભાઈ સાથે મતદારોનો પણ વિજય છે. જે સરકાર બનવાની છે મોદીજીની તે પ્રજાના સુચનો પ્રમાણે બનવાની છે. પ્રજા, મતદારો અને દેશ તેમના નેતૃત્વથી ખુશ છે.''

**- આઈ.બી. વાઘેલા**

●●●

''લોકસભાની ચૂંટણીમાં એક્ઝિટ પોલ જે રીતે ધારણ કરી રહી છે તે પ્રમાણે ૧૦૦ ટકા બીજેપી જ સરકાર બનાવશે. નરેન્દ્ર મોદી ઓલવેજ વડાપ્રધાન બનશે. પૂર્ણ બહુમતીની સરકાર બનતા પ્રજાલક્ષી કાર્યો ઝડપથી થશે.''



**- સુમિત ચૌધરી**

●●●



''એક્ઝીટ પોલના તારણો પણ સાચા હોય છે. તે લોકો પ્રજા વચ્ચે જઈને પૂછપરછ કરીને કહેતા હોય છે. એક્ઝીટ પોલ પ્રમાણે બીજેપી સરકાર બનશે. મારા મતે ૩૦૨ જેવી સીટ બીજેપીને મળશે.''

**- પંકજ વાઘેલા**